ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

## સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની શાળાઓમાં વિવિધ સંવર્ગની ૩૫ જગ્યા ખાલી

જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિક અને નિવાસી શાળાઓ કેટલી છે ? જેના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લામાં ૫ શાળાઓ છે. જયારે આ શાળાઓમાં સંવર્ગવાર મહેકમ અંગેના પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યા અનુસાર આચાર્યની ૫ પૈકી ૧ જગ્યા ખાલી છે. મદદનીશ શિક્ષકોની ૫૭ પૈકી ૩૧ , મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૫ પૈકી ૨ કલાર્ક સંવર્ગની ૪ પૈકી એક જગ્યા ખાલી છે. કુલ વિવિધ સંવર્ગની ૯૫ પૈકી ૬૦ જગ્યા ભરાયેલી છે. અને ૩૫ જગ્યા ખાલી છે.

- **કન્ટીજન્સી પ્લાન હેઠળ ખુનના બે બનાવમાં ૧૨ હજારની સહાય**

ગાંધીનગર જિલ્લામાં કન્ટીજન્સી પ્લાન હેઠળ અનુસુચિત જાતિ પર થયેલા અત્યાચારની કેટલી ઘટનાઓમાં કેટલી રકમની સહાય બે વર્ષમાં ચુકવવામાં આવી ? બાપુનગરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ હિજરત જેવી ઘટનાઓ અને સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યુ હોય તેવા કિસ્સામાં કન્ટીજન્સી પ્લાન હેઠળ સહાય ચુકવવાની જોગવાઈ છે. પરંતુ ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં આવા પ્રકારની કોઈ ઘટના હિજરત તરીકે જાહેર કરાઈ નથી. પરંતુ અત્યાચાર નિવારણ નિયમો ૧૯૯૫ના નિયમ ૧૨ (૪) નાબદલે કન્ટીજન્સી પ્લાનમાં જિલ્લાના ખુનના બે બનાવમાં રૂ ૧૨ હજાર ની સહાય ચુકવવામાં આવી છે.

- **જિલ્લામાં ૧૩ મંદિરો સરકાર હસ્તકના છે**

ગાંધીનગર જિલ્લામાં સરકાર હસ્તકના કેટલા મંદિરો આવેલા છે જયારે યાત્રિકોની પ્રાથમિક સુવિધાને અનુલક્ષી શુ આયોજન કરાયુ છે ? મણિનગરના ધારાસભ્ય સુરેશ પટેલે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં યાત્રાધામ વિકાસ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ૧૩ મંદિરો સરકાર હસ્તકના છે. જયારે આ મંદિરોમાં યાત્રિકો માટે પીવાના પાણીની વ્યવવસ્થા બેસવા માટે બાકડા , ટોઈલેટ તેમજ દિવ્યાંગો માટે રેમ્પની સુવિધાઓનુ આયોજન કરવામાં આવ્યુ છે.

- **શ્રમયોગી નાબુદી અભિયાન અન્વયે વર્ષમાં ૯ બાળકોને મુક્ત કરાયા**

ગાંધીનગર જિલ્લામાં બાળ શ્રમયોગી નાબુદી અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૭ માં કેટલી રેડ પાડવામાં આવી ? ઈડરના ધારાસભ્ય હીતુ કનોડીયાના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૭ દરમિયાન ૧૭ રેડ પાડવામાં આવી હતી. જયારે રેડ દરમિયાન ૯ બાળકોને શ્રમ કામગીરીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

- **જિલ્લાના ૩૦ ગામોમાં બિલકુલ ગૌચર જમીન નથી**

ગાંધીનગર જિલ્લામાં કેટલા ગામોમાં બિલકુલ ગૌચર જમીન નથી ગૌચર ન જાળવી શકનારા સામે શુ પગલા લેવાયા તે અંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ રજુ કરેલા પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૩૦ ગામોમાં બિલકુલ ગૌચર નથી. જયારે જિલ્લાના ગામો પૈકી ૨૦

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપે તાલુકા પંચાયતની સત્તાના સૂત્રો સંભાળ્યા

**કોંગી સભ્યોની ગેરહાજરીનો લાભ ભાજપને : કોંગ્રેસના ૬ સભ્યો ગેરહાજર : અમને વિશ્વાસમાં જિલ્લાની નેતાગીરીએ ન લેતાં આ પરિણામ : બળવાખોરો**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકા પંચાયતમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરેલા કોંગ્રેસ પક્ષની આંતરિક જૂથબંધીને પગલે આજે તાલુકા પંચાયત ગુમાવવાનો વારો આવ્યો છે.

આજે યોજાયેલ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસના ૬ સભ્યો ગેરહાજર રહેતાં ભાજપના શ્રીમતિ શોભનાબેન વાઘેલા પ્રમુખ તરીકે અને જગદીશભાઈ પટેલ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર થયા હતા.

આજની બેઠકમાં બે અપક્ષ સભ્યોએ ભાજપનું સમર્થન કરતાં ભાજપની સંખ્યા ૧૭ પર પહોંચી હતી અને શોભનાબેન વાઘેલાની તરફેણમાં ૧૭ મત પડ્યા હતા. જયારે કોંગ્રેસના વનીતાબેન સોલંકીની તરફેણમાં ૧૩ મત મળ્યા હતા.

ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર જગદીશભાઈ પટેલની તરફેણમાં ૧૭ અને કોંગ્રેસના ઉમેદવાર ગોપાળજી ઠાકોરની તરફેણમાં ૧૩ મત પડતાં કોંગ્રેસના ઉમેદવારનો પરાજય થયો હતો.

પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળેલ આજની આ બેઠકમાં માત્ર હોદ્દેદારોની ચૂંટણીનો જ એજન્ડા હોવાથી ગણતરીની મિનિટોમાં જ પ્રથમ બેઠક સંપન્ન થઈ હતી.

કોંગ્રેસના જે ૬ સભ્યો ગેરહાજર રહ્યા હતા તેમાં અડાલજ-૧ બેઠક પરથી વિજેતા બનેલા ચાવડા રતનબેન, ડભોડા-૧ બેઠક પરથી વિજેતા બનેલા પરમાર સજનબેન, કોલવડા-૧ બેઠક પરથી વિજેતા બનેલા સ્મિતાબા વાઘેલા, ઉવારસદ બેઠક પરથી વિજેતા બનેલા મહોતજી ઠાકોર, શેરથા બેઠક પરથી વિજેતા બનેલા રમણજી પોપટજી, અને વડોદરા બેઠક પરથી વિજેતા બનેલા બાબુજી પુંજાજી ઠાકોરનો સમાવેશ થાય છે.

ગઈકાલથી જ આંતરિક જૂથબંધીને લઈ નવાજૂનીના સંકેતો મળતા હતા. જો કે ઉપપ્રમુખ તરીકે ઠાકોર સમાજને સ્થાન આપી સમજાવી લેવાનો પ્રયાસ થયો હતો પરંતુ આ આગેવાનોને પ્રમુખ પદથી ઓછુ કશુ ખપતુ ન હતુ અને તે કેમ્પ છોડી ભાગી છુટ્યા હતા.

કોંગ્રેસના કોલવડા-૧ બેઠક પરથી વિજેતા બનેલા સ્મિતાબા વાઘેલાએ જણાવ્યુ છે કે તેઓ નાદુરસ્ત તબિયતને કારણે હોસ્પિટલ ગયા હતા અને ત્યાં તેમને બોટલ પણ ચડાવવામાં આવી હતી. જ્યારે તેઓ પંચાયત પહોંચ્યા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા અને ઉપર જવા દીધા ન હતા. તેમની પાસે ઓળખપત્ર પણ ન હતુ.

બીજી તરફ અન્ય સભ્યોએ પત્રકાર પરિષદ કરી જિલ્લા નેતાગીરીએ તેમને વિશ્વાસમાં લીધા સિવાય ઉમેદવારની પસંદગી કરી હોવાનુ જણાવ્યુ હતુ તેમજ તેમણે આ સમગ્ર ઘટના માટે જિલ્લાની નેતાગીરી વધુ જવાબદાર હોવાનું જણાવ્યુ હતુ.

ભાજપે લઘુમતિ હોવા છતાં પણ સત્તા હાંસલ કરતાં ભાજપ ગેલમાં આવી ગયુ છે. તેમણે વિજયને વધાવતાં ભારે આતશબાજી સાથે ગુલાલ ઉડાડી પંચાયતનું પ્રાંગણ ગુલાલ-ગુલાલ કરી દીધુ હતુ.





## બળવાખોરોને બહારનો રસ્તો બતાવતી નેતાગીરી...

**પાંચ સભ્યોને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા : ફરાર થયેલા સભ્યોને મોટા માથાઓનો ટેકો હોવાની વાતો**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષ સૌથી મોટો પક્ષ તરીકે ઉભર્યો હોવા છતાં પક્ષની આંતરિક જૂથબંધીમાં સત્તા ગુમાવવી પડી છે અને પાછળથી ગેરહાજર રહેનાર પાંચ સભ્યોને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો નીર્ણિય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯ સભ્યો હિંમતનગર સુધી સાથે આવ્યા બાદ ઉમેદવારીપત્ર ભરવામાં રમત રમાઈ હોવાની વાતો વચ્ચે બળવાના બી રોપાયા હતા. આ સભ્યો હિંમતનગરથી કેમ્પમાંથી ફરાર થયા ત્યારે તેમને પક્ષના જ કેટલાક મોટા માથાઓના આશીર્વાદ અને સંકેત હોવાથી તેઓ ત્યાંથી સફળ રીતે બહાર જવામાં સફળ રહ્યા હતા. કેમ્પમાંથી ફરાર થયેલા સભ્યોએ પણ પત્રકાર પરિષદ કરી અને દોષનો ટોપલો જિલ્લાની નેતાગીરી પર ઢોળ્યો છે.

જો કે સાંજે જિલ્લા પ્રમુખે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ બાબતને પક્ષે ગંભીરતાથી લીધી છે અને શિસ્તભંગના પગલાં લેવા પ્રદેશ સમિતિને રિપોર્ટ પણ કરી દીધો છે. મોડી સાંજે પ્રદેશ સમિતિ દ્વારા ૬ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

## ગેરહાજર રહેલા કોંગી ચુંટાયેલા ઉમેદવારોએ ખુલાસા કર્યા

**અરવિંદસિંહ સોલંકી, સુર્યસિંહ ડાભી અને જશુભા રાણા સામે આક્ષેપો કરી દોષનો ટોપલો ઢોળ્યો**

તાલુકા પંચાયતમાં વિજેતા થયેલા ઉમેદવારો દ્વારા આજે પ્રમુખ અને ઉપપ્રમુખના પદ માટે લાયક ઉમેદવારને મત આપવામાં આવ્યા હતા. આ સમયે કોંગ્રેસના કુલ છ ચુંટાયેલા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જેને પગલે કોંગ્રેસના શિરે જતી તાલુકા પંચાયત ભાજપના શિરે આવી ગઈ હતી. જે છ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા તે પૈકીના પાંચ ઉમેદવારોએ બપોરે પથિકાશ્રમ ખાતે પત્રકાર પરિષદ સંબોધી હતી અને અરવિંદસિંહ સોલંકી, સુર્યસિંહ ડાભી તથા જશુભા રાણા ઉપર આક્ષેપો કરીને દોષનો ટોપલો તેમના પર ઢોળ્યો હતો. ઉમેદવાર મહોતજીએ જણાવ્યુ હતુ કે અમારી માંગણી એવી હતી કે સજનબેન ઠાકોરને તાલુકા પંચાયતના પ્રમુખ બનાવવામાં આવે. આ નામને પક્ષ દ્વારા ઉપરથી પણ મંજુરી મળી હતી પરંતુ જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભીએ દરબાર ઉમેદવાર વનીતાબેનનું નામ આપ્યુ. આ બાબતે ખરાઈ કરી અમે વિરોધ દર્શાવ્યો હતો. સુર્યસિંહ ડાભી પાંચ કરોડમાં વેચાયા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ સુર્યસિંહ ડાભીએ ખુલાસો કર્યો છે કે મહોતજીની સત્તા લાલસા આ ઘટના માટે કારણભુત છે. ઉપરોક્ત પાંચ ઉમેદવાર ઉપરાંત છઠ્ઠા ગેરહાજર રહેલા ઉમેદવાર આ પત્રકાર પરિષદમાં પણ આવ્યા ન હતા. તેમનો ખુલાસો એવો હતો કે તેમને પથરીનો દુખાવો થતા હોસ્પિટલ ગયા હતા. સમયસર દવા લઈને પરત તાલુકા પંચાયત કચેરી આવી ગયા હતા પરંતુ આઈકાર્ડ ના હોવાથી પોલીસે ગેટ પરથી પ્રવેશ આપ્યો ન હતો. ત્યારબાદ માથાકુટ કરીને અંદર પ્રવેશ્યા પરંતુ ત્યાં સુધીમાં મત અપાઈ ગયા હતા અને પ્રમુખ-ઉપપ્રમુખના નામ પણ જાહેર થઈ ગયા હતા.

# ધો. ૧૦માં ગણિતનું પેપર અઘરુ

## ગણિતની અઘરી અને અટપટી પરીક્ષાએ વિદ્યાર્થીઓને રડાવી દીધા

ગાંધીનગર તા ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓયોજિત બોર્ડ પરીક્ષા દરમિયાન આજે ધોરણ -૧૦ના વિદ્યાર્થીઓ અત્યંત મહત્વના ગણિત વિષયની કસોટી આપી હતી. જિલ્લામાંથી ૩૦૧૩૫ વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૭૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહયા હતા. ગણિત વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે અત્યંત કપરી પુરવાર થઈ હતી.ગણિતની પરીક્ષાના અંતે હતાશ ચહેરે બહાર આવેલા વિદ્યાર્થીઓ કેન્દ્ર બહાર આવી રડી પડયા હતા. ગણિતનુ પેપર વિદ્યાર્થીઓમાં હાઉ ઉભો કરવાના મલીન ઈરાદે બોર્ડની બલ્યુ પ્રિન્ટની અવગણના કરીને સેટ કરવામાં આવ્યુ હોવાનો

**પેપર બલ્યુ પ્રિન્ટ આધારિત નથી : પુસ્તક અને અભ્યાસ ક્રમ બહારના દાખલા પુછાયા હોવાના આક્રોશ સાથે પેપર સેટર સામે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા ધરવા સહીત ન્યાયિક તપાસ માટે વાલીઓની માંગ**

આક્રોશ પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પ્રબળ બન્યો છે.

આ અંગે વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ કે ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયની કસોટી કઠીન પુરવાર થઈ હતી. પાર્ટ એ માં ૧૦ થી ૧૨ એમ સી ક્યુ અઘરા પુછાયા હતા. જયારે ૪ જેટલા આકૃતિ આધારિત એમ સી ક્યુ માં વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. જયારે એમ સી ક્યુના અન્ય પ્રશ્નો પણ ચોપડીનો ગહન અભ્યાસ માંગી લે તેવા હતા. જયારે પાર્ટ બી માં વિભાગ - સી માં બલ્યુ પ્રિન્ટ આધારિત વર્તુળનો પ્રમેય કે રાઈડર ન પુછાતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. ઉપરાંત પાર્ટ બી માં ત્રણ થી ચાર દાખલા અઘરા અને ગણિત વિષયની ઉંડી સમજણ માંગી લે તેવા હતા. આ ઉપરાંત ગણતરીવાળા દાખલાઓમાં લાંબી ગણતરીના લીધે વિદ્યાર્થીઓ માટે વધુ અટપટા અને સમય માંગી લે તેવા હોવાથી મુંઝવણ ઉભી થઈ હતી. વિદ્યાર્થીઓ ભુલ કરે તેવી શક્યતા પણ વધી ગઈ હતી. ધોરણ -૧૦ માં ત્રણ રજાઓ બાદ ગણિત વિષયની અઘરી કસોટીના લીધે વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. ધોરણ -૧૦ની પરીક્ષાના પ્રારંભ બાદ ત્રણ વિષયોના પ્રશ્નપત્રો સરળ નિકળ્યા બાદ ગણિતના અઘરા પેપરની પરીક્ષાના અંતે કેટલાક ઠેકાણે પરીક્ષા કેન્દ્ર બહાર નિકળી વિદ્યાર્થીઓ રડી પડયા હતા.

અન્ય એક વિષય નિષ્ણાત પરેશભાઈ દવેએ ગાંધીનગર સમાચાર સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગણિતનું પ્રશ્નપત્ર ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની ક્ષમતા કરતા અઘરું અને અટપટું હતું. ઘણા બધા

**પરીક્ષાના અંતે હતાશા અને નિરાશાથી ઘેરાયેલા વિદ્યાર્થીઓ વાલીઓ સમક્ષ રડી પડયા : એમ સી ક્યુ પણ અત્યંત અઘરા પુરવાર થયા**

પ્રશ્નો અભ્યાસક્રમ બહારના અને વિચિત્ર હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડે ન્યાયી તપાસ કરી વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનું વિચારવું જોઈએ.

બીજીતરફ ધોરણ -૧૦ માં વિદ્યાર્થીઓને અપસેટ કરતી ગણિત વિષયની કસોટીના અંતે વાલીઓ પણ આગ બબુલા બન્યા હતા. ગણિતના અઘરા અને વિચિત્ર

● અનુસંધાન પાન-૭ પર

### ધોરણ -૧૨ માં અંગ્રેજી વિષયમાં ૧૦ ની હાજરી ઘટી

ધોરણ -૧૨ માં વિદ્યાર્થીઓએ આજે અંગ્રેજી વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. અંગ્રેજીની પરીક્ષામાં ૩૨૫૯ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જયારે ૧૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એકપણ કેસ નોંધાયો ન હોવાનુ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.




બેસણું


અમારા પૂજ્ય પિતાશ્રી
રાવલ લલિતકુમાર કેશવલાલનું
દુ:ખદ અવસાન તા.: ૧૮-૦૩-૨૦૧૮ના રોજ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા.: ૨૨-૦૩-૨૦૧૮ને
ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.
સ્થળ : "રસરાજ" પ્લોટ નં.-૭૨, શ્રીરંગ પાર્ક સોસાયટી, વાસણા-હડમતીયા, ખ-૦ સર્કલની નજીક, ગાંધીનગર-૩૮૨૦૦૬. M.: 9727786049, 9825231175
લિ.
રસેશ લલિતકુમાર રાવલ (પુત્ર)
રાજેશ લલિતકુમાર રાવલ (પુત્ર)
પર્વ રસેશકુમાર રાવલ (પૌત્ર)
રાવલ રાજેન્દ્રકુમાર કેશવલાલ (ભાઈ)
રાવલ મિત્તલકુમાર હરકાન્તભાઈ (ભત્રીજો)
જોષી ભાવિન ઈશ્વરલાલ (ભાણેજ)
શુક્લ દેવાંગકુમાર દિલિપભાઈ (જમાઈ)



બેસણું

અમારા પ. પૂ. માતૃશ્રી કમળાબેન જશભાઈ દેસાઈ તા.૧૯-૩-૨૦૧૮ને સોમવારના રોજ શ્રીજી ચરણ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૨-૩-૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : સિંધુધામ (ઝુલેલાલ મંદિર), ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર
નરેન્દ્રભાઈ જે. દેસાઈ
નિરંજનાબેન એન. દેસાઈ
રાકેશભાઈ જે. દેસાઈ
પરેશાબેન આર. દેસાઈ
ફર્મ : શૈશવ આર્ટ ગેલેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર

શ્રદ્ધાંજલિ
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



સ્વ. કાશીબેન મગનભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. : ૨૧/૩/૨૦૧૭
આપનું નિઃસ્વાર્થ ધાર્મિક જીવન અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહેશે.
માત્ર યાદોના પુષ્પો અને આંસુઓના અભિષેક સાથે
આપને શ્રદ્ધાંજલિ આપીએ છીએ...
શૈલજા - રજનીકાન્ત
લતા - દિપક
જાનકી - કિશોર
ઈશા - કૃણાલ
તથા પરિવાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

॥ શ્રી આગીયાવીર વૈતાલ નમઃ ॥



પધારો ભાંખર....
જાહેર આમંત્રણ
પધારો ભાંખર....
રથ પ્રસ્થાન : સાંજે ૬.૩૦ કલાકે ● માંડવી રાત્રે ૧૦.૩૦ કલાકે
આથી ધર્મપ્રેમી જનતાને જણાવવાનું કે ભાંખર ગામે
શ્રી આગીયાવીર વૈતાલ તથા શ્રી હરસિદ્ધ માતાજીનો
ભવ્ય મેળો ચૈત્ર સુદ સાતમને તા. ૨૩/૩/૨૦૧૮ને શુક્રવારના દિવસે ભરાશે.
તો દરેક ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.
શ્રી આગીયાવીર વૈતાલ તથા હરસિદ્ધ માતાજીનું મંદિર ઊંઝા તાલુકાના ભાંખર ગામે આવેલું છે. જેનું નિર્માણ વિક્રમ રાજા વખતે લાખા વણજારાએ કરેલ. લાખા વણજારાને બાળકના વેશમાં પરચો આપેલ તેથી આગીયાવીરનું મંદિર બનાવેલ અને તેનો પુનરોદ્ધાર સિદ્ધરાજ સોલંકીએ કરેલ. ચૈત્ર સુદ સાતમના દિવસે સાંજે ૬.૩૦ કલાકે રથ નિકળશે. રથમાં શણગારેલા ચાર બળદ જોડવામાં આવે છે. રથને ગાડા ઉપર તૈયાર કરવામાં આવે છે. રાત્રે ૧૦.૩૦ કલાકે ૩૨ મશાલથી બનાવેલ માંડવી કાઢવામાં આવે છે. તેના ઉપર બાધાનું તેલ ચઢાવવામાં આવે છે. તેમાં તલનું તેલ ચઢાવવામાં આવે છે અને મેળામાં શુકન જોવાય છે.
મુ. ભાંખર, તા. ઊંઝા, જિ. મહેસાણા
'ધજા દેખે સુખ ઉપજે, દેવળ દેખે દુઃખ જાય, દર્શન કરીએ આગીયાવીરના અંગ અંગ પાવન થાય

॥ શ્રી હરસિદ્ધ માતાય નમઃ ॥




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com